ગુજરાતમિત્ર
# બારડોલી-વ્યારા-ભરૂચ


## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીના અરેઠ ગામે તિરંગા યાત્રા યોજાઈ




માંડવીઃ માંડવી-કીમ રોડ પર આવેલા અરેઠ ગામે ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ હિનાબેન સોલંકીની આગેવાનીમાં, ગ્રામ પંચાયતના સભ્યો તથા આગેવાન પ્રકાશભાઈ પટેલ, યુવાનો, શિક્ષકો દ્વારા ત્રિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું. જે પ્રાથમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે પ્રાથમિક શાળાથી બજારમાં મંદિર સુધી ડીજેના તાલ સહિત તિરંગા યાત્રા નીકળતાં દેશભક્તિનું વાતાવરણ સર્જાયું હતું. આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

### પીપોદરા નજીક શ્રમજીવી યુવાનનું વાહન અડફેટે મોત

હથોડાઃ પીપોદરા ગામે સેવન સ્ટાર હોટલ પાછળ રહેતો અને પીપોદરા જીઆઇડીસીમાં મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા રમેશભાઈ પહેલવાન લોટ (ઉ.વ.26) મોડી સાંજે પીપોદરા ઓવરબ્રિજ નજીક હાઈવે ક્રોસ કરી રહ્યો હતો. એ વેળા અજાણ્યા વાહને અડફેટે લેતાં મોત થયું હતું.

### તરસાડીમાં આંકડાનો જુગાર રમનાર ઝડપાયો



હથોડાઃ કોસંબા ટાઉન જમાદાર ધર્મેશ વસાવાને બાતમી મળી હતી કે, તરસાડીની સલીમ ટોકીઝ નજીક લીમડાના ઝાડ નીચે જાહેરમાં એક ઈસમ બીજા ઇસમો પાસેથી આંક ફરકના આંકડાનો જુગાર રમાડી રહ્યો છે. આથી ઘટના સ્થળે તપાસ કરતાં મનોજ ભીખા રાઠોડ (રહે.,બરોડા બેંકની સામે, તરસાડી)ને 12 હજારના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો.

### સોનગઢમાં એક ઇંચ વરસાદ વરસ્યો

વ્યારાઃ તાપી જિલ્લામાં વરસાદ ધીમો પડ્યો હોય તેમ માત્ર સોનગઢ તાલુકામાં ૨૬ મીમી, જ્યારે ડોલવણમાં 3 મીમી વરસાદ નોંધાયો હતો. ઉકાઈ ડેમની સપાટી સાંજે છ વાગ્યે ૩૩૪.૯૧ ફૂટ નોંધાઇ હતી, જેમાં પાણીના ૮૨,૨૬૩ ક્યુસેક ઇનફ્લો સામે ૮૨,૨૬૩ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું.

### રાજપીપળા બીરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીમાં ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો



રાજપીપળાઃ રાજપીપળાની બીરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી ખાતે સ્કૂલ ઓફ કોમર્સ, સાયન્સ અને આર્ટ્સના સેમેસ્ટર-1ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ અને ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### વાંકલમાં તિરંગા યાત્રા યોજાઈ




વાંકલઃ માંગરોળ તાલુકાના ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ વાંકલ ખાતે તિરંગાયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. ત્રણ કિ.મી. લાંબી આ તિરંગા યાત્રામાં વાંકલ હાઇસ્કૂલથી પેટ્રોલપંપ સુધી કાઢવામાં આવી હતી. ઝંખવાવમાં સુરત જિલ્લા પંચાયતના સદસ્ય દિનેશ સુરતીના અધ્યક્ષ સ્થાને તિરંગાયાત્રા યોજાઈ હતી. માંગરોળના વેરાકૂઈ અને કંસાલી ખાતે તાલુકા પંચાયતના સદસ્ય તૃપ્તિબેન મૈસુરીયાના અધ્યક્ષ સ્થાને યાત્રા નીકળી હતી.

### ઉમરપાડા તાલુકા મથકે તિરંગા રેલી યોજાઈ




વાંકલઃ ઉમરપાડાની વનરાજ હાઇસ્કૂલથી તિરંગાયાત્રા નીકળી હતી. તિરંગાયાત્રામાં પોલીસ જવાનો, ફોરેસ્ટ વિભાગ, તાલુકા પંચાયત મામલતદાર, ઓફિસ સ્ટાફ, સ્કૂલનાં બાળકો હાજર રહ્યા હતા. આ તિરંગા યાત્રામાં ધારાસભ્ય ગણપતભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઈ, તાલુકા ભાજપ પ્રમુખ વાલજીભાઇ સહિતના કર્મચારીઓ જોડાયા હતા.

### વ્યારામાં મુખ્યમંત્રી સ્વ.અમરસિંહ ચૌધરીની 20મી પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાશે



વ્યારાઃ 15મી ઓગસ્ટ-2024 ગુરુવારના રોજ વ્યારાના પનોતા પુત્ર અને પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી સ્વ.અમરસિંહ બી. ચૌધરીની 20મી પુણ્યતિથિ છે. જે અંતર્ગત વ્યારા નગરના અમરવન ગાંધી બાગ, વ્યારા ખાતે સવારે 10 કલાકે પ્રાર્થના સભા તથા સવારે 10.30 કલાકે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાર્થના સભા પૂર્ણ બાદ વ્યારાની વિવિધ હોસ્પિટલ્સમાં ફ્રૂટ તથા બિસ્કિટનું વિતરણ કરાશે. બાદ રક્તદાન કેમ્પનું આયોજન અમરસિંહ ભીલાભાઈ ચૌદારી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા લિટલ પામ કિડ્ઝ ઝોન, સહકારી જીન કમ્પાઉન્ડ, સ્ટેશન રોડ, વ્યારા ખાતે કરાયું છે.

# તાતીથૈયામાં બિલ્ડિંગમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

**સંચાલક અને ગ્રાહકો સહિત 10ની ધરપકડ, 5 વોન્ટેડ, 7 યુવતીને છોડાવવામાં આવી**

પલસાણાઃ કડોદરા પોલીસની ટીમે એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ સાથે તાતીથૈયાની પ્રથમ પાર્ક સોસાયટીમાં કાળુભાઈની બિલ્ડિંગના ત્રીજા માળે ચાલી રહેલું કુટણખાનું ઝડપી પાડ્યું હતું. પોલીસે સંચાલક અને ગ્રાહકો સહિત દસની ધરપકડ કરી હતી. જ્યારે પાંચને વોન્ટેડ જાહેર કર્યા હતા.

કડોદરા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. એ સમયે ખાનગી રાહે બાતમી મળી હતી કે, તાતીથૈયાની પ્રથમ પાર્ક સોસાયટીમાં આવેલી કાળુભાઈની બિલ્ડિંગમાં સલીમ નામનો ઈસમ દેહવ્યાપાર કરે છે અને બહારથી છોકરીઓ મંગાવે છે. આથી પોલીસે એન્ટિ હ્યુમન ટ્રાફિક યુનિટને સાથે રાખી છાપો માર્યો હતો. ત્રીજા માળે કેટલાક ઈસમો અને યુવતીઓ હાજર મળી આવી હતી. તમામને અલગ અલગ રૂમમાં બેસાડી અન્ય બંધ રૂમોની તપાસ કરતાં ત્રણ રૂમમાંથી અલગ અલગ ત્રણ છોકરી અને ત્રણ ગ્રાહક મળી આવ્યા હતા. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, સલીમ પોતાના સાગરીતોના મારફતે બહારથી છોકરીઓ બોલાવી તેમને પૈસાનું પ્રલોભન આપી ગ્રાહક દીઠ એક હજાર રૂપિયા લઈ રૂમની વ્યવસ્થા કરી આપતો હતો. પોલીસે કુલ 7 છોકરીને છોડાવી હતી. જ્યારે દસની શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે આ ગુનામાં મુખ્ય સંચાલક સલીમ ઉપરાંત રાજુ, કુલદીપ, શૈલેષ અને શંકરકુમારને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.12270, બાર મોબાઈલ ફોન કિં.રૂ.1.29 લાખ, એક મોટરસાઈકલ કિં.રૂ.20 હજાર, એક ટેમ્પો કિં.રૂ. 3 લાખ મળી કુલ 4,61,270 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**દરોડા દરમિયાન પકડાયેલા શખ્સો**

રાજેશ મહાદેવ દત્ત (રહે., તાતીથૈયા, મૂળ રહે., પશ્ચિમ બંગાળ), ઈન્દોર બાબલુ બાવરી (રહે., પલસાણા, મૂળ રહે., પશ્ચિમ બંગાળ), પવનકુમાર રાજીન્દરદાસ દાસ (રહે., પલસાણા, મૂળ રહે., છપરા, બિહાર), અમિત બાબુ ગોયાણી (રહે., વૃંદાવન પાર્ક, કતારગામ, મૂળ રહે., ભાવનગર), હર્ષ રામઅવતાર ધાકડ (રહે., કુંભારિયા, પ્રતિષ્ઠા બંગલો, સુરત, મૂળ રહે., ભાવનગર), ચેતન ભતેસિંગ રાજપૂત (રહે., નંદુરબાર, મહારાષ્ટ્ર), નિકુંજ સુમનભાઇ (રહે., કેવાડા, વલસાડ), ભાવિન હરેશભાઈ (રહે., કેવાડા, વલસાડ), આલોક બાલગોવિંદ મૌર્ય (રહે.,નવાગામ, સુરત, મૂળ રહે., ઉત્તરપ્રદેશ), વરુણ સંજય મિશ્રા (રહે., રાધાક્રિષ્નાનગર, ડિંડોલી, સુરત)

# ગરનાળામાં પાણી ભરાતાં બાળકોને ખભે બેસાડી વાલીઓ શાળાએ મૂકવા મજબૂર

**દેશની આઝાદીનાં ૭૭ વર્ષના વહાણા વિત્યા છતાં ઝઘડિયામાં ચોમાસામાં સમસ્યા એ જ, ઉકેલ લાવવા માંગ**



ભરૂચ, ઝઘડિયાઃ એક સદીથી વધુ સમયે ભલે રજવાડાએ અંકલેશ્વર-રાજપીપળા નેરોગેજ લાઇનથી છૂક છૂક ગાડી ચાલતી હતી. બાદ લોકશાહીના માંધાતાએ બ્રોડગેજ લાઈન કરાવ્યા બાદ કોરોના વખતથી હજુ બંધ છે. નેરોગેજમાંથી બ્રોડગેજ રેલવે ટ્રેક શરૂ કરતાં કેટલાંક ગામોમાં સુવિધા વધવા કરતા સમસ્યા ખૂબ જ વધી છે. દેશની આઝાદી મળીને ૭૭ વર્ષના વહાણા વીતી ગયા બાદ અંકલેશ્વર-રાજપીપળા રેલવે લાઇનમાં સમાવેશ સમસ્યાથી ઘેરાયેલાં ગામડાં શાસન વ્યવસ્થામાં આજે પણ રજવાડાની દીર્ઘદૃષ્ટિવાળા વહીવટ યાદ કરતા હોય છે.

ઝઘડિયા તાલુકામાંથી પસાર થતી અંકલેશ્વર-રાજપીપળા રેલવે લાઇન પરના કાલિયાપુરા પાસેનું ગરનાળામાં ચોમાસામાં પાણીનું તળાવ બની જાય છે. જેને લઈ ગામડાં સાથેનો વ્યવહાર સંપર્કવિહોણો બની જાય છે. ખાસ કરીને અપડાઉન કરતા વિદ્યાર્થીઓ નોકરિયાત અને ખેડૂત ગ્રામજનો માટે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. લોકોની સમસ્યા દૂર કરવામાં રેલવે તંત્રને કોઈ જ દરકાર લેતી નથી. દેશની આઝાદી બાદ પણ હાઈટેક યુગમાં વિદ્યાર્થીઓનું જીવનું જોખમ હોવાથી તેઓના વાલીઓએ માથે બેસાડીને ગરનાળામાંથી પસાર થવાનો વારો આવે છે. આ ગરનાળા પાસે જ આરપીએલ કંપની આવેલી હોવાથી આજુબાજુના લોકો પોતાનું વાહન કરવા માટે મજબૂર બને છે. જો કે, ભવિષ્યમાં અણધારી કોઈ દુર્ઘટના બને તેના જવાબદાર સામે પ્રશ્નાર્થ ઊભા થઇ રહ્યા છે. જો કે, બાળકોના હિતમાં સ્કૂલ સત્તાધીશો પણ નક્કર રજૂઆત કરે એવી લોકમાંગ ઊભી થઇ છે. જો કે, ગરનાળા ચોમાસા દરમિયાન કાયમી 'પાણીમુક્ત' રહે એવી રેલવે વિભાગ સમક્ષ માંગ ઊઠી છે.

### બાંગ્લાદેશમાં હિન્દુઓ પર દમનના વિરોધમાં બારડોલીમાં આવેદન અપાશે



બારડોલીઃ હાલમાં જ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થયેલા દમનના વિરોધમાં બારડોલીમાં સનાતન સર્વ સમાજ રેલી સ્વરૂપે એક આવેદન આપવા અંગે મિટિંગનું આયોજન કરાયું હતું. બારડોલી પ્રદેશના સર્વ સમાજને સાથે રાખી કાર્યક્રમ કરવા સરદાર બાગાયત ખાતે બેઠક મળી હતી. જેમાં ટૂંકી મુદતમાં બારડોલી પ્રદેશના સર્વસમાજના આગેવાનો હાજર રહ્યા હતા. તા.22-8-2024 ને ગુરુવારે બપોરે 1 વાગ્યે સ્વરાજ આશ્રમ ખાતે સૌ ભેગા થશે અને ત્યાંથી રેલી સ્વરૂપે બારડોલી મામલતદાર કચેરી સુધી જવાનું નક્કી કરાયું છે. ત્યાં આવેદન આપવામાં આવશે. બારડોલી પ્રદેશના સર્વ સમાજને જોડાવા આહવાન કરાયું છે.

### ભરૂચની બાળકીએ રાણી લક્ષ્મીબાઈની વેશભૂષામાં રાષ્ટ્રપ્રેમનો સંદેશો આપ્યો



■ ભરૂચઃ સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાનથી ઉજવણીની તૈયારીઓ વચ્ચે ભવ્યાતિભવ્ય તિરંગા યાત્રામાં રાષ્ટ્રભક્તિના અભિયાનમાં, માં ભારતીની શાનમાં રાણી લક્ષ્મીબાઈની વેશભૂષા ધારણ કરી રાષ્ટ્રપ્રેમનો સંદેશો આપતી ભરૂચની બાળકીનો અનેરો થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહ કેમેરામાં કંડારાયો હતો.

# અંકલેશ્વરના નગરપાલિકાનો હોલ ગણેશ આયોજકોને ભાડા વિના આપતાં વિરોધ

**વિપક્ષે અરજી કરતાં ગણેશ આયોજકોમાં રોષ**

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગર પાલિકાના હોલમાં ગણેશ મંડળોની બેઠક બાદ વિપક્ષી સભ્યએ ભાડાનો પ્રશ્ન ઉઠાવતાં વિવાદ ખડો થયો હતો. ગણેશ આયોજકોએ આ મામલે રોષ વ્યક્ત કર્યો હતો. અંકલેશ્વરમાં ગણેશ મહોત્સવ દરમિયાન કોઈ સમસ્યા નડે તો તેનું નિરાકરણ લાવવા માટે ગણેશ મંડળની સ્થાપના કરવામાં આવી છે. જો કે, મંડળની શારદા ભવનમાં મળેલી બેઠકનો વિવાદ થયો છે. પાલિકાના વિપક્ષના સભ્ય જહાંગીર પઠાણે ૮મી ઓગસ્ટે કરેલી એક અરજીથી વિવાદનો મધપૂડો છંછેડાયો હતો.

મુખ્ય અધિકારીને કરેલી અરજીમાં તેમણે જણાવાયું હતું કે, શારદા ભવન હોલનો વગર ભાડે અને વગર પરવાનગીએ ઉપયોગ થયો હોય તેની તપાસ કરી વપરાશકર્તાઓ પાસેથી અથવા જવાબદાર અધિકારીઓ પાસેથી રકમ વસૂલ કરવી જોઈએ. ગણેશ યુવકમંડળોએ આક્ષેપ કર્યો હતો કે, તેમની બેઠક બાદ જ અરજી આપવાનું કારણ કોમી વૈમનસ્ય ફેલાવવાનો હોઈ શકે છે. જો કે, બાદમાં વિપક્ષી સભ્ય જહાંગીર ખાન પઠાણે સ્પષ્ટતા કરી હતી કે, કોઇ ધર્મ કે મંડળને ઉદ્દેશીને અરજી નથી. અગાઉ પણ બિરસા મુંડાજીના હોલ વખતે પણ આવું કૃત્ય કરી અને અમને બદનામ કરવાની કોશિશ કરી હતી.

# પલસાણાના ઇટાળવામાં મૃત્યુ નજીક પહોંચેલા ઊંટને નવું જીવન મળ્યું

**ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ-સચિનની ટીમે કૂવામાંથી ઊંટનું રેસ્ક્યુ કર્યું**




પલસાણાઃ પલસાણાના ઈટાળવામાં કૂવામાં પડેલા ઊંટને ફ્રેન્ડ્સ ઓફ એનિમલ વેલફેર ટ્રસ્ટની ટીમે બચાવી લીધું હતું.

પલસાણાના ઈટાળવામાં એક સપ્તાહ પહેલાં કોઈ અજાણ્યો ઊંટને તરછોડી ગયો હતો. મંગળવારે ગામના જાગૃત નાગરિકોએ ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ જતીન રાઠોડને કોલ કર્યો હતો અને આ ઊંટ 15 ફૂટ ઊંડા કૂવામાં ખાબકી ગયું હોવાનું જણાવ્યું હતું. જતીન રાઠોડે સચિન વિસ્તારના ટીમના સભ્ય નિર્મલ શર્માને જાણ કરતાં નિર્મલ શર્મા, જેનિસ, નિખિલ, કાનો, પ્રિન્સ, મયંક, ભાવેશે ભેગા મળી ઊંટને રેસ્ક્યુ કરવાનાં જરૂરિયાત સાધનો લઈ ઈટાળવા ગામે પહોંચ્યા હતા અને કૂવામાં ઊતરી રેસ્ક્યુની કામગીરી શરૂ કરી હતી. કૂવામાં ગંદું પાણી અને કૂવો ઊંડો હોવાથી રેસ્ક્યુ ટીમને ઘણી અડચણ આવી રહી હતી. બાદ નિર્મલ શર્માએ જેસીબી બોલાવી ઊંટને દોરડાથી બાંધી એક કલાકની ભારે જહેમત બાદ સહીસલામત બચાવી લીધું હતું. ઊંટને કૂવામાંથી બહાર કાઢતાં ઊંટ ગામ તરફ જતું રહ્યું હતું અને ગામના જાગૃત નાગરિકોએ ટીમના તમામ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### મહુવાના સ્ટંટબાજોને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

અનાવલઃ મહુવાના અનાવલ ગામેથી વિશ્વ આદિવાસી દિન નિમિત્તે રેલી નીકળી હતી. આ રેલીમાં કેટલાક યુવાનોએ બાઈકનું સાઈલન્સર કાઢી સ્ટંટ કરી પૂરપાટ ઝડપે વાહન હંકારી કાયદો હાથમાં લીધો હતો. રેલી દરમિયાન ગંભીર અકસ્માતની ઘટના બનતા મહુવા પોલીસે સ્ટંટબાજી કરતા કેટલાક યુવાનોને પોલીસમથકે લાવી કોઈ પણ કાર્યવાહી કર્યા વિના ગણતરીની મિનિટ્સમાં પાછા છોડી દેતાં આ યુવાનો દ્વારા પોલીસમથક બહાર જ વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. આ બનાવમાં મહુવા પોલીસ બાર જેટલા 18થી 22 વર્ષના યુવાનોને શોધી પોલીસમથકે લઈ આવી કાયદાનું ભાન કરાવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### હથોડા ગામે દેશી દારૂની ભઠ્ઠીઓ પર દરોડો



વ્યારાઃ વ્યારા જિલ્લાના કુકરમુંડા તાલુકાના હથોડા ગામની સીમમાં આવેલી દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં દેશી દારૂ બનાવટમાં ઉપયોગ લેવાતી સામગ્રીમાં મહુડા, ગોળ, નવસાર વગેરેનો નાશ કરી પોલીસે ૧૨ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. હાલ તમામ આરોપી વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું છે. આજ રોજ વહેલી સવારે ૦૬ વાગ્યાના અરસામાં નિઝર પોલીસ સ્ટેશન વિસ્તારના કુકરમુંડાના હથોડા ગામની સીમમાં આવેલ દેશી દારૂની ભઠ્ઠીઓ ઉપર નિઝર પોલીસ દ્વારા રેઇડ કરી ૭૨૦૦ લીટર દેશી દારૂ બનાવવાની સામગ્રીનો નાશ કરવામાં આવ્યો હતો.

### 30 ફૂટના તિરંગા સાથે સોનગઢવાસીઓએ દેશપ્રેમની લાગણી દર્શાવી

વ્યારાઃ સોનગઢ નગરપાલિકા દ્વારા આયોજિત તિરંગાયાત્રા સોનગઢ નગરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ યાત્રા 30 ફૂટના તિરંગા સાથે નગરપાલિકા કચેરીથી નીકળી હતી. ત્યારબાદ હાથી ફળિયા, દક્ષિણ ફળિયાથી સયાજી સર્કલ, શ્રી છત્રપતિ શિવાજી મહારાજ ચોક પર પહોંચી હતી. ત્યાંથી મરીમાતા રોડ થઈ વાણિયા ફળિયાથી ફરી નગરપાલિકા કચેરી ખાતે પહોંચી પૂર્ણ થઇ હતી. સોનગઢ નગરપાલિકા દ્વારા આયોજિત આ તિરંગા યાત્રામાં તાપી જિલ્લા ભાજપ પ્રમુખ મયંકભાઈ જોષી, મામલતદાર નલીનીબેન ચાંપાનેરિયા, સંગઠન પ્રમુખ હેતલભાઈ મહેતા, સંગઠનના હોદ્દેદારો, વડીલો, શાળાના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ભવ્ય તિરંગા યાત્રામાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં ૬00થી વધુ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### બિસમાર રસ્તા મુદ્દે સુલતાનપુરાના ગ્રામજનોનો વિરોધ

ઝઘડિયાઃ ઝઘડિયાના સુલતાનપુરાના વિવિધ સમસ્યાને લઈ ગ્રામજનોએ સુલતાનપુરા ગ્રામ પંચાયતને લેખિત આવેદનપત્ર પાઠવ્યું હતું. ઝઘડિયાના સુલતાનપરાના ગ્રામજનોએ બુધવારે આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ઝઘડિયા ગામના રસ્તા ખરાબ થઇ ગયેલા હોવાથી ગ્રામજનોને ભારે હાલાકી પડે છે. ઉપરાંત ગામમાં પીવાનું પાણી અનિયમિત મળે છે તેમજ વોર્ડ નં.૭માં લાઇટનો અભાવ હોવાથી સ્થાનિકોમાં ભારે અગવડ પડી રહી છે. આખરે ઝઘડિયાના સુલતાનપુરાના ગ્રામજનોએ ગ્રામ પંચાયતને આવેદન આપી વધુમાં જણાવ્યું હતું કે, જો ત્રણ દિવસમાં અમારી માંગ પૂરી નહીં થાય તો નાછૂટકે રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે.

### ભરૂચ જિલ્લા કક્ષાનો સ્વતંત્રતા દિન હાંસોટમાં મનાવાશે

ભરૂચઃ તા.૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિનની જિલ્લા કક્ષાની ઉજવણી હાંસોટ ખાતે યશવંતરાય જોષી જીનમાં રાખવામાં આવી છે. સવારે ૯ વાગ્યે કલેક્ટર તુષાર સુમેરાના હસ્તે ધ્વજવંદન થશે.

### તાપી જિલ્લા સેવાસદન ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

વ્યારાઃ ૭૮માં સ્વતંત્ર પર્વની ઉજવણીના ભાગરૂપે તાપી જિલ્લા પંચાયતના પંચકર્મ કેન્દ્ર ખાતે જિલ્લા આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત તથા માલીબા રક્તદાન કેન્દ્ર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો, જેમાં અધિકારી-કર્મચારીઓએ ૩૬ યુનિટ જેટલું રક્તદન કર્યું હતું.

### અંકલેશ્વરના જે.બી.મોદી કેન્સર સેન્ટરમાં OPDનું લોકાર્પણ

અંકલેશ્વરઃ અંકલેશ્વર ઇન્ડસ્ટ્રિયલ ડેવલોપમેન્ટ સોસાયટી દ્વારા સંચાલિત જયાબેન મોદી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના જે.બી. મોદી કેન્સર સેન્ટર ખાતે મંગળવારે કેન્સર સેન્ટરના નવીન ઓપીડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### બારડોલીમાં સેનાની ત્રણેય પાંખનાં વસ્ત્રોનું પ્રદર્શન



બારડોલીઃ બારડોલી ફેશન રન-વે દ્વારા સ્વતંત્ર દિન નિમિત્તે આર્મી, નેવી અને એર ફોર્સ ત્રણેયને આવરી લેતાં વસ્ત્રોના પ્રદર્શનનું આયોજન કરાયું હતું. આર્મિ નેવી અને એર ફોર્સને લગતી થિમનાં વસ્ત્રો 40 જેટલી ફેશન ડિઝાઇનિંગની વિદ્યાર્થિનીઓએ બનાવ્યાં હતાં. આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા હતા.

### પલસાણા વન વિભાગની ઓફિસમાંથી કોમ્પ્યુટર સહિતના સામાનની ચોરી

પલસાણાઃ પલસાણા નેશનલ હાઇવે નં.48 ઉપર બલેશ્વરમાં સહયોગ હોટલની બાજુમાં સામાજિક વનીકરણ પલસાણાની રેન્જ ઓફિસ આવેલી છે. આ વનવિભાગની ઓફિસમાં ગત 10મી ઓગસ્ટના સાંજે 6 વાગ્યાથી 12 ઓગસ્ટે સવારે 10.30 વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરો ઓફિસના પાછળના ભાગે આવેલી બારીનો કાચ અને લોખંડની ગ્રીલ તોડી ઓફિસમાં પ્રવેશ્યા હતા અને ઓફિસમાં રાખવામાં આવેલાં કોમ્પ્યુટર સેટ તેમજ અન્ય ઇલેક્ટ્રિક ઉપકરણ મળી 7500ની મત્તાની ચોરી કરી જતાં પલસાણા પોલીસ સ્ટેશનમાં આ અંગે વન વિભાગમાં ફરજ બજાવતા ધીરુભાઈ રણછોડભાઈ ડાભલાએ ફરિયાદ નોંધાવતાં પલસાણા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### વાગરાના રહિયાદમાં ગેરેજમાં ચાર બાઇકને અડફેટે લઈ ટેન્કર ખાડીમાં ઊતર્યું



ભરૂચઃ વાગરામાં અનેક ઔદ્યોગિક એકમો આવેલાં છે. જેના કારણે મોટાં ટેન્કર અને ટ્રકો માલસામાન લઈને દહેજ માર્ગ પર આવતા-જતા હોય છે. ત્યારે મંગળવારે રાત્રે એક ટેન્કરચાલક દહેજ તરફથી જઇ રહ્યો હતો. એ સમયે તેણે રહિયાદ ગામ નજીક સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં ટેન્કર માર્ગની બાજુમાં આવેલી બાઈક્સના ગેરેજમાં ઘુસાડી દેતાં દોડધામ મચી ગઇ હતી. ટેન્કર ગેરેજમાંથી ઘૂસીને માર્ગની નીચે ઊતરી ગયું હતું. આ અકસ્માતમાં ગેરેજમાં રિપેરિંગ માટે મૂકેલી બાઈક્સને નુકસાન થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ દહેજ પોલીસે દોડી આવી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે કોઈ જાનહાનિ થઇ ન હતી.